# CMS ઈન્ફો સીસ્ટમ લીમીટેડ કંપનીના કર્મચારીઓએ ATM માં કેશ લોડીંગ માટેની રકમ ઉચાપત કરનાર આરોપીની ધરપકડ કરતી સુરત શહેર ક્રાઈમ બ્રાંચ

સુરત શહેર ખટોદરા પો.સ્ટે. I ગુ.ર.નં.૩૧૯/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૦૯,૪૨૦,૧૧૪ મુજબ તા.૨૪/૦૯/૨૦૧૮ ના કલાક ૧૧/૦૦ થી ૨૦/૩૦ દરમ્યાન CMS ઇન્ફો. સીસ્ટમ લીમીટેડ કંપની ઉમંગ એપાર્ટમેન્ટ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાની નીચે, ઉમા ભવન ભટાર રોડ, સુરત ખાતેની ઓફિસેથી આ કામના આરોપી (૧) અંકિત હિતેન્દ્રસીંગ તથા (૨) નિતીન રાજમલભાઈ કુમાવતનાઓ ફરી.શ્રીની કંપની દ્વારા બેંકમાં ATMમાં મુકેલ રૂપિયા તથા કેશ લોડ કરવા માટે લઈ ગયેલ રૂપિયા ૧,૨૧,૭૭,૭૦૦/- જમા ન કરાવી કંપની સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી બન્ને આરોપીઓએ ગુનામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી નાશી ગયેલ જે બાબતે ખટોદરા પો.સ્ટે. ખાતે ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલા જે ગુન્હો પો.કમિ.શ્રીનાઓ ડી.સી.બી.પો.સ્ટે. તરફ ટ્રાન્સફર કરેલ જે ગુન્હામાં સુરત શહેર ક્રાઈમની ટીમ આરોપીઓની શોધખોળમાં હતા દરમ્યાન પો.સ.ઈ. તથા તેમની ટીમના માણસોએ આ આરોપી (૧) અંકિત હિતેન્દ્રસીંગ રાજપુત ઉ.વ.૨૧ રહે-બી.આર.સી.કોલોની બિલ્ડીંગ નં.૨ રૂમ-૬, ભેદવાડ દરગાહની સામે ઉધના, સુરત મુળગામઃ- લચ્છીપુર તા.સૈદપુરા જી. ગાજીપુર (યુ.પી) નાને અઠવાલાઈન્સ ઈન્ડોર સ્ટેડીયમ તરફ જતા રોડ ઉપરથી ઉપરોક્ત ગુનાનો મુદ્દામાલ રોકડા રૂ. ૬.૬૨.૨૦૦/- તથા એક મોબાઈલ ફોન- કિ.રૂ. ૧૦.૦૦૦/- ની મત્તાનો મળી કુલ્લે રૂ. ૬.૬૨.૨૦૦/- ની સાથે પકડી પાડેલ તેમજ આરોપી અંકિતે કબુલ કરેલ છે કે, સદર ગુનામાં ગયેલ રૂપિયા ૧,૨૧,૭૭,૭૦૦/- માંથી પોતાના ભાગે રૂ. ૭.૫૦.૦૦૦/- આવેલ હતા જેમાંથી બાકીની રકમ પોતાના અંગત ખર્ચમાં વાપરી નાંખેલ છે.